પાળિયા એટલે શું?

**પાળિયા એટલે શું?**

કચ્છના જાણીતા ઇતિહાસકાર પ્રમોદભાઈ જેઠી જેમણે કચ્છના શિલાલેખો અને પાળિયા પર અનેક સંશોધનો કરેલા છે. તેમને જ્યારે પાળિયા વિશે પૂછવામાં આવ્યું ત્યારે સૌપ્રથમ તેઓ જણાવે છે કે, **પાળિયા એ આપણા પૂર્વજોની યાદ છે. જેમાં તેમની સ્મૃતિમાં બનાવવામાં આવે છે.** કોઈ યુદ્ધમાં વીરગતિ પામતા લોકોના પાળિયા બનાવવામાં આવે છે. કોઈ કુટુંબીજનોના પણ પાળિયા બનાવવામાં આવ્યા હોય તેવું પણ બનતું હોય છે. પાળિયા એ આપણા પૂર્વજોની યાદ છે. જેમાં તેમની સ્મૃતિમાં બનાવવામાં આવે છે. કોઈ યુદ્ધમાં વીરગતિ પામતા લોકોના પણ પાળિયા બનાવવામાં આવે છે.

"પાળિયા", "પાળિયો" અથવા "ખાંભી" એ પશ્ચિમ ભારત અને ખાસ કરીને ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં જોવા મળતાં સ્મારકનો એક પ્રકાર છે.

**પાળિયો શબ્દ, મૂળ સંસ્કૃત શબ્દ "પાલ" (રક્ષણ કરવું) માંથી ઉદ્ભવ્યો છે. ગુજરાતી ભાષામાં પાલનો અર્થ "લડતાં સૈનિકોનું એક જૂથ" થાય છે.**

ગુજરાતીમાં "પાળિયા"નો અર્થ ધર્મ, સંસ્કૃતિ અને સમાજની રક્ષાકાજે લડતાં લડતાં બલિદાન આપનાર તેમ જ યુદ્ધમાં શહીદ થયેલાં યોદ્ધાઓની યાદમાં બનાવવામાં આવતાં સ્મારક કે ખાંભી.

આ પ્રકારના સ્મારકો સમગ્ર ભારતમાં જોવા મળે છે. તેમાં મોટાભાગે પથ્થર પર વિવિધ શિલાલેખો અને આકૃતિઓ કોતરવામાં આવે છે. પશ્ચિમ ભારતમાં તે પાળિયા કે ખાંભી તરીકે ઓળખાય છે.

સમગ્ર ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવા હજારો સ્મારકો આવેલા છે. આ સ્મારકો યોદ્ધાઓ, શૂરવીરો, સતીઓ, પ્રાણીઓ અને તેમની સાથે સંકળાયેલી લોકકથાઓ અંગે હોય છે. પાળિયા મોટા ભાગે ગામ અને નગરના પાદરે બનાવવામાં આવે છે. કેટલાક પાળિયા યુદ્ધભૂમિ અને યોદ્ધાઓનાં મૃત્યુસ્થળ નજીક સ્થાપવામાં આવે છે. ઉપરાત મંદિરો અને પૂજા સ્થળોની નજીક પણ બનાવવામાં આવે છે.

પાળિયા, કોઈ પણ સ્થળનો ઈતિહાસ, જે–તે પ્રદેશની સામાજિક, રાજકીય કે સાંસ્કૃતિક સ્થિતિનું દર્શન કરાવે છે. તે સાંસ્કૃતિક જીવન અને ઈતિહાસનો અધ્યયન કરવાનો એક મહત્ત્વપૂર્ણ સ્ત્રોત છે. પાળિયાના પથ્થરોનો દશ્યમાન ભાગ લગભગ ત્રણ ફૂટ ઊંચાઈ અને બે ફૂટ પહોળાઈ ધરાવે છે. શરૂઆતના પાળિયાઓમાં ટોચની કિનારી અર્ધવર્તુળાકાર હતી અને પછીના પાળિયાઓમાં તે ત્રિકોણ હતી. કોતરવામાં સરળતા પડતી હોવાથી તે મોટા ભાગે રેતિયા પથ્થરોના બનેલા હોય છે. જો પાળિયાનો રાજવીકુળ સાથે સંબંધ હોય, તો તેના પર છત્ર પણ બાંધવામાં આવે છે.

વૈદિક કાળ દરમિયાન ઉદ્ભવેલી પરંપરા મુજબ મૃત શરીરના અંતિમ સંસ્કાર કરવામાં આવતા નહોતા પરંતુ તેમને દફનાવવામાં આવતા અથવા નદીમાં પધરાવવામાં આવતા. પુરાતત્વ ખોદકામ દરમિયાન આવા દફન સ્થળ પર નિશાની રૂપે એક પથ્થર શરૂઆતમાં મુકાયેલા મળે છે અને પછીથી થયેલા દફનમાં ગોળાકારે મુકેલા પથ્થરોના સમુહ જોવા મળે છે.
પાછળથી આ પ્રથા વિકસીને યષ્ટિ અથવા એક પથ્થરોના સમૂહો જેમાં વ્યક્તિના નામ, સ્થળ અને તારીખો સાથેના શિલાલેખોમાં વિકસી. સમગ્ર ભારતમાં આ પ્રથા વિકસીને વિવિધ સ્મારકો જેવા કે સ્તૂપ, સ્મારક મંદિરો વગેરેમાં પરિવર્તિત થઈ.

આ પ્રકારના સ્મારકો સમગ્ર ભારતમાં જોવા મળે છે. દક્ષિણ ભારતમાં તેને વિરગલ્લુ અથવા નતુકલ કહે છે. તેમાં મોટાભાગે વિવિધ શિલાલેખો, આકૃતિઓ પથ્થર પર કોતરવામાં આવે છે. પશ્ચિમ ભારતમાં તે પાળિયા અને ખાંભી તરીકે જોવા મળે છે. આવા હજારો સ્મારકો સમગ્ર ગુજરાતમાં, ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના ગામોમાં જોવા મળે છે. સૌથી જૂનાં સ્મારકો ખાવડાના ઔંધ ગામમાં જોવા મળ્યા છે જે ૨જી સદીના છે.

આ પ્રથા 15 મી સદીમાં લોકપ્રિય બની અને મોટી સંખ્યામાં પાળિયાઓ બનાવવામાં આવ્યા. કેટલાક આદિવાસી સમાજ હજુ પણ આવા પથ્થરના સ્મારકો તેમની પરંપરા પ્રમાણે બનાવે છે.

**પાળિયારૂપી સ્મારકળાના ત્રણ ભાગ હોય છે.**

- ટોચના ભાગે વિવિધ પ્રકારનાં પ્રતીકો.
- મધ્યમાં પાળિયો જેના માટે બંધાયો છે. તે વ્યક્તિનું પ્રતીક.
- નીચેના ભાગમાં પાળિયા વિશે નામ, સ્થળ, ઘટના અને સમય સંબંધિત માહિતી કોતરાયેલી હોય છે.

**પાળિયામાં જોવા મળતા ત્રણ ચોક્કસ વિભાગ**

Downloaded from: aakashportal.com

પાળિયાના ત્રણ વિભાગો હોય છે. તેમાં સૌથી ઉપરના ભાગમાં સૂરજ અને ચાંદ જોવા મળે છે જે કોતરણીથી સૌથી ઉપર બનાવવામાં આવેલા હોય છે. તે પછીના બીજા વિભાગમાં મૂર્તિ દર્શાવવામાં આવેલી હોય એટલે કે મૂર્તિનું પણ કોતરકામ થયેલું હોય છે. જેમાં પણ અલગ અલગ મૂર્તિ જોવા મળે છે. જેમ કે, કોઈ રાજાની હોય, ઘોડાની હોય, સતી માનો હાથ હોય તેવી અલગ અલગ પ્રકારની મૂર્તિ જોવા મળે છે. ત્યારબાદના ત્રીજા એટલે ,કે છેલ્લા વિભાગમાં લખાણ લખેલું હોય છે.

**પાળિયાનું મહત્ત્વ**

તે આપણી લોકસંસ્કૃતિનું જીવંત પ્રતીક હોવા ઉપરાંત ઐતિહાસિક ઘટનાઓ, તત્કાલીન સામાજિક વ્યવસ્થા, ભાષાનો વિકાસક્રમ જાણવાનું માધ્યમ પણ છે.

**પાળિયાઓનું મહત્ત્વ નીચે મુજબ છે :**

પાળિયાઓ પર લખાયેલ લેખની મદદથી ગુજરાતની જુદી–જુદી જાતિઓ અને જ્ઞાતિઓ વિશે માહિતી મળે છે. ઉદાહરણ : પરમાર, જાડેજા, આહીર, કાઠી, ચૌહાણ, ચુડાસમા, સોલંકી, વોહરા, કોળી વગેરે.

તે તત્કાલીન સમાજના રીતિ–રિવાજો, સંસ્કૃતિ અને માન્યતાઓ વિશે માહિતી પૂરી પાડે છે. જેમ કે સતીપ્રથા જેવી પરંપરાઓ (વઢવાણમાં સતી થયેલ રાણકદેવીનો પાળિયો સ્થાપિત છે.)

આ પાળિયાની મદદથી ઐતિહાસિક ઘટનાઓનાં પ્રમાણ અને ચોક્કસ સમયગાળો જાણી શકાય છે. ઉદાહરણ : વિક્રમ સંવત 1355માં અલાઉદ્દીન ખિલજીના સરદાર ઉલુઘખાને સોમનાથ પર રાઢાઈ કરી હતી. જેની માહિતી અહીં સ્થિત પાળિયા પરથી મળે છે.

શરૂઆતમાં પાળિયા પરના લેખો સંસ્કૃતમાં લખાતા, જે આગળ જતાં ગુજરાતીમાં લખાતા થયા. આ સ્મારકોમાં ભાષાની ઉત્ક્રાતિ અને સમય દર્શાવવાની પદ્ધતિ જાણવામાં મદદરૂપ થાય છે, જેમ કે વીરગતિને લગતાં પાળિયાના લેખોમાં “સ્વર્ગી થયા”, “સંગ્રામે મૃતઃ”, “દેવગત થયા”, “શરીર પાડ્યું” વગેરે શબ્દો પ્રયોજાયા છે.

ઘણાં પાળિયા ધાર્મિક મહત્ત્વ ધરાવતાં હોવાથી, તેને કોઈ નુકસાન કરતું નથી. આથી આવા પાળિયાઓ ખજાનો છુપાવેલી જગ્યાન અંકિત કરવા માટે પણ વપરાયા છે.

**સ્થળ અને પ્રતીકો**

પાળિયા મોટાભાગે ગામ અને નગરના પાદરે બાંધવામાં આવે છે. તે યુદ્ધભૂમિ અથવા યોદ્ધાઓના મૃત્યુ સ્થળ નજીક પણ બાંધવામાં આવે છે અને કેટલીક વખત મંદિરો અથવા પૂજાસ્થળોની નજીક બાંધવામાં આવે છે.પાળિયા સમગ્ર ભારતમાં વિવિધ સ્વરૂપે જોવા મળે છે, પરંતુ સામાન્ય રીતે તે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં જોવા મળે છે. પાકિસ્તાનના નગરપારકર અને થરપારકર વિસ્તારોમાં પણ પાળિયા જોવા મળે છે.

પાળિયાના પથ્થરોનો દ્રશ્યમાન ભાગ લગભગ બે ફીટ પહોળાઇ અને ત્રણ ફીટ ઉંચાઈ ધરાવે છે. નીચેનો ભાગ જમીનમાં લગભગ દસ ફીટ ઊંડે સુધી મૂકવામાં આવે છે. શરૂઆતના પાળિયાઓમાં ટોચની કિનારી અર્ધવર્તુળાકાર હતી અને પછીના પાળિયાઓમાં તે ત્રિકોણ હોય છે.

કોતરવામાં સરળતા પડતી હોવાથી તે મોટાભાગે રેતીયા પથ્થરોના બનેલા હોય છે.ક્યારેક તેમની પર છત્રી અને જવલ્લે મંદિર બાંધવામાં આવે છે. જ્યારે પાળિયાઓ રાજવીકુળ સાથે સંબંધિત હોય છે ત્યારે તેના પર છત્ર બાંધવામાં આવે છે.

આ સ્મારકના ત્રણ ભાગ હોય છે; ટોચનો ભાગ વિવિધ પ્રકારના પ્રતિકો, મધ્યમાં પાળિયો જેના માટે બંધાયો છે તે વ્યક્તિ અને તળિયે લખાણમાં નામ, સ્થળ, ઘટના અને સમય સાથે કેટલીક વધુ માહિતી ધરાવે છે. ટોચ પરના પ્રતીકોમાં હંમેશા શાશ્વત કીર્તિના પ્રતીક રૂપે સૂર્ય અને ચંદ્ર હોય છે.

17મી સદી પછી બાંધવામાં આવેલા પાળિયાઓ સ્વસ્તિક અને દીપક અને અન્ય નાના શણગાર પશ્ચાદભૂમાં કરેલ હોય છે. મધ્ય ભાગમાં માનવ આકૃતિ સાથે વિવિધ શસ્ત્રો, બેઠક, ઘોડા જેવા વાહનો, કપડાં અને વસ્તુઓ દર્શાવેલ હોય છે. સૌથી નીચેના ભાગમાં જે તે સમયની ભાષા અને શૈલીમાં લખાણ હોય છે જેમાં જે તે વ્યક્તિ, તેના મરણના સ્થળ, સમય અને સંજોગ વગેરે માહિતી હોય છે.

## પૂજા

પાળિયા સાથે સંબંધિત સમુદાય અથવા મૃત્યુ પામેલ વ્યકિતના વંશજો ખાસ દિવસો જેવાં કે વ્યકિતના મૃત્ય કે જન્મ દિવસ, ઘટનાની વર્ષગાંઠો, તહેવારો, કારતક, શ્રાવણઅથવા ભાદરવા મહિનાઓના શુભ દિવસોએ પાળીયાની પૂજા કરે છે.

Downloaded from: aakashportal.com

આ સ્મારકોને દૂધ અને પાણી વડે આ દિવસોમાં ધોવામાં આવે છે અને તેના પર સિંદુર અથવા કંકુ લગાવવામાં આવે છે અને ફૂલો ચડાવવામાં આવે છે. તેની બાજુમાં તલના તેલના દીવા મૂકવામાં આવે છે. ઘણી વખત તેના પર ધજા પણ ચડાવવામાં આવે છે.

## પાળિયામાં જોવા મળતા લખાણો

આ લખાણમાં સૌપ્રથમ પાળિયા બનાવતી વખતનો સમય દર્શાવવામાં આવે એટલે કે સવંત કયું છે તે લખેલું હોય છે. સંભવતઃ પછી નીચેની લાઈનમાં જે તે પાળિયો કોનો બનાવવામાં આવેલો છે તેના વિશે લખેલું હોય. તે પછીની લાઈનમાં મહારાજનું નામ લખેલું હોય છે. એટલે કે તે વખતમાં જે રાજાનું શાસન ચાલતું હોય તેમનું નામ લખેલું હોય છે. તે પછીની ચોથી લાઈનમાં શા માટે પાળિયો બનાવવામાં આવેલો છે તેનું કારણ દર્શાવવામાં આવેલું હોય છે અને ત્યારબાદની છેલ્લી લાઈનમાં કોણે પાળિયો બનાવ્યો છે તેનું નામ લખેલું હોય છે. જેમાં કોઈ રાજાના કુંવરનું નામ પણ હોઈ શકે અથવા તો દોહિત્ર દ્વારા બનાવવામાં આવ્યું હોય તો તેનું નામ લખેલું હોય છે.

## પાળિયામાં જોવા મળતું સિંદૂર શું છે?

ઈતિહાસકાર પ્રમોદભાઈ જેઠી પાળિયા વિશે વાત કરતા જણાવે છે કે, પાળિયા એ પૂર્વજોની સ્મૃતિમાં બનાવવામાં આવ્યું હોય છે તેથી તેનું તેના કુટુંબીજનો દ્વારા પૂજન કરવામાં આવે છે. અમુક પાળિયા અપૂજ પણ હોય છે. ઘણા પરિવારો પોતાના પૂર્વજોના પાળિયાથી અજાણ હોય છે તો તેવા પાળિયાનું પૂજન થતું નથી. પણ જે પાળિયા પર સિંદૂર જોવા મળે તેવા દરેક પાળિયા કોઈક દ્વારા પુજાઈ રહ્યા છે તેવું જાણી શકાય છે.

## પાળિયા સાથે ઈતિહાસનો સંબંધ

ઈતિહાસકાર પ્રમોદભાઈ જણાવે છે કે, પાળિયા ઈતિહાસ સાથે નજીકથી જોડાયેલા હોય છે. પાળિયા ઈતિહાસની કડી છે. જેમાંથી ઈતિહાસ વિશેની અનેક વાતો જાણવા મળે છે. પાળિયા ચોક્કસ રીતે બનાવવામાં આવતા હોય છે. જેમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિ પણ જોવા મળે છે. તેના અમુક નિયમો છે તે રીતે જ તે જોવા મળે છે.

## પાળીયા ના પ્રકાર

**મુખ્યત્વે 11 પ્રકારના પાળિયાઓ હોય છે.**

1. **ખાંભી**
2. **સૂરધન**
3. **સતીના પાળિયા**
4. **ક્ષેત્રપાળના પાળિયા**
5. **યોદ્ધાઓના પાળિયા**
6. **ઠેસ / થેસા**
7. **ચાગિયો**
8. **શૂરાપુરા**
9. **ખલાસીઓના પાળિયા**
10. **લોકસાહિત્યના પાળિયા**
11. **પ્રાણીઓના પાળિયા**

પાળિયાઓને પારંપરિક રીતે પાળિયા (સપાટ પથ્થરના સ્મારક), ખાંભી (કોતરકામ વગર બાંધવામાં આવેલ મૃત વ્યક્તિનું સ્મારક), થેસા (પાળિયા નજીકના નાનાં પથ્થરો), ચાગીયો (પત્થરોના ઢગલા), સુરાપુરા (અન્યના જીવન માટે યુદ્ધમાં ખપી જનાર યોદ્ધાઓ) અને સુરધન (આકસ્મિક મૃત્યુ,

Downloaded from: aakashportal.com

જેમ કે હત્યા, આત્મહત્યા, અકસ્માતની યાદમાં બાંધવામાં આવેલા) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.તેમનામાંના કેટલાકને સતીમાતા અથવા ઝુઝાર (મસ્તિષ્ક વગરનાં યોદ્ધાઓ) કહે છે.

## યોદ્ધાઓના પાળિયાઓ

આ પ્રકારના સ્મારકો સૌથી સામાન્ય હોય છે જે મોટે ભાગે લડાઇના નાયકોની પૂજા કરતા સમુદાય અને લોકજાતિઓ સાથે સંકળાયેલ હોય છે. તેઓ મર્યાદિત વિસ્તારમાં મોટી સંખ્યામાં મળી આવે છે અને રણ ખાંભી તરીકે ઓળખાય છે. તે યુદ્ધસ્થળ અથવા જ્યાં યોદ્ધા મૃત્યુ પામ્યો હોય ત્યાં બાંધવામાં આવે છે. શરૂઆતમાં આ પાળિયાઓ સમુદાય, સ્ત્રી અથવા પશુધનને બચાવવાના સતકાર્યોને સન્માનવા બાંધવામાં આવતા હતા અને પછીથી તે યુદ્ધ સાથે સંબંધિત પરંપરા બની ગઇ.

આ સ્મારકો મોટે ભાગે યોદ્ધાને હથિયારો જેવા કે તલવાર, ગદા, ધનુષ્ય અને તીર અને પછીના પાળિયાઓમાં બંદૂકો સાથે પણ દર્શાવે છે. આ યોદ્ધાઓ વિવિધ પરિવહનો જેમ કે ઘોડા, ઊંટ, હાથી અને રથ પર હોય છે. ક્યારેક તે પાયદળ સાથે હોય છે. કેટલીક વખત રાજવી ચિહ્નો લઇ જતા અથવા યુદ્ધમાં નગારા વગાડતા લોકોના પાળિયાઓ પણ દર્શાવવામાં આવે છે.

આ સ્મારકોના ઉદાહરણો ભુચર મોરીના પાળિયાઓ અને સોમનાથ મંદિર નજીકના હમીરજી ગોહિલ અને અન્યોના પાળિયાઓ છે.

## સતીના પાળિયાઓ

આ સ્મારકો મોટે ભાગે રાજવી પરિવારો સાથે સંકળાયેલા હોય છે. સ્ત્રીઓ જે સતી અથવા જૌહર કરીને મૃત્યુ પામી હોય તેને સમર્પિત આ પાળિયાઓ છે. તે લોકસાહિત્ય સાથે પણ સંબંધિત છે અને તેમની દેવી તરીકે પૂજા થાય છે.

આ સ્મારકો મોટે ભાગે જમણી બાજુ 45 કે 90 અંશના ખૂણે વળેલો આશીર્વાદ આપતો જમણો હાથ દર્શાવે છે. ક્યારેક આ સ્મારકો હાથ અને અન્ય પ્રતીકો જેમ કે મોર અને કમળ હોય છે. કેટલાક પાળિયામાં આશીર્વાદ આપતી અથવા નમસ્કાર મુદ્રામાં ઊભેલ સંપૂર્ણ સ્ત્રીની આકૃતિ હોય છે.

કેટલાક સ્મારકોમાં એક હાથમાં કમંડળ અને બીજામાં જાપમાળા હોય એવા સ્ત્રીના આકારો હોય છે. કેટલાક સ્મારકોમાં જ્વાળાઓમાં દાખલ થતી સ્ત્રી અને પોતાના પતિના શરીરને ખોળામાં લઇ બેઠેલી હોય તેવી સતી પ્રથા દર્શાવતી આકૃતિઓ પણ દર્શાવવામાં આવેલ છે.

આ સ્મારકોના ઉદાહરણમાં ભુચર મોરીના સુરજકુંવરબાનો સમાવેશ થાય છે. તેઓ પાકિસ્તાનના સિંધ પ્રદેશ અને ભારતના રાજસ્થાન રાજ્યમાં પણ જોવા મળે છે.

## ખલાસીઓના પાળિયાઓ

ગુજરાત લાંબો દરિયાઇ ઇતિહાસ ધરાવે છે. આ સ્મારકો તેમની સમુદ્ર સફર દરમિયાન મૃત્યુ પામેલા ખલાસીઓની યાદ અપાવે છે. તેમના સ્મારકો પર ક્યારેક જહાજ દર્શાવવામાં આવે છે.

## લોકસાહિત્યના પાળિયાઓ

અનેક સ્મારકો લોકસાહિત્ય સાથે સંકળાયેલ ધાર્મિક સંતો–ભક્તો, પ્રેમ કથાઓ, બલિદાન, મિત્રતા, વિરોધ માટે આત્મહત્યા દર્શાવે છે.આ સ્મારકનું ઉદાહરણ ભાણવડનજીક ભુતવડ પર આવેલો વીર માંગરાનો પાળિયો છે.

## પ્રાણીઓના પાળિયાઓ

પ્રાણીઓ જેવા કે ઘોડા, કૂતરાં અને ઊંટ દર્શાવતા પાળિયાઓ પણ બાંધવામાં આવ્યા હતા.

## ક્ષેત્રપાળના પાળિયાઓ

ક્ષેત્રપાળ પાળિયાઓ ક્ષેત્રપાળ અથવા ક્ષેત્રપાળને સમર્પિત હોય છે, જે જમીનના દેવ છે. તે સ્મારક નથી પરંતુ લગભગ સરખો અહોભાવ ધરાવે છે. તેમને સામાન્ય રીતે ખેતરની નજીક અથવા ગામની બહાર મૂકવામાં આવે છે. કેટલીક કોમમાં પૂર્વજોની પૂજા ક્ષેત્રપાળ તરીકે થાય છે. તે જમીન અને પાકનું રક્ષણ કરે છે તેમ માનવામાં આવે છે. આ પાળિયાઓ પર સાપ અથવા કેટલીક વખત માત્ર આંખો રક્ષણના પ્રતીક તરીકે દર્શાવવામાં આવે છે.

## ખાંભી

Downloaded from: aakashportal.com

ખાંભીનો અર્થ "સ્મૃતિરૂપે કોતરણીકામ કરેલ થાંભલો કે શિલા".

ઉપરાંત ખાંભીમાં આજ્ઞાપત્ર, દાનપત્રો વગેરેનો સમાવેશ થાય છે.

ખાંભી ફક્ત મૃત વ્યક્તિના સ્મારકરૂપે જ નથી બનાવાતી, પરંતુ પશુઓ, જાનવરોએ કરેલ માનવતાભર્યું તેમ જ બહાદુરીભર્યાં કામો માટે પણ બનાવાય છે. ઉદાહરણ : તળાજામાં વફાદાર કૂતરાના એક પગના પંજાનું પ્રતીક ખાંભીસ્વરૂપે જોવા મળે છે.

## સૂરધન

અકસ્માત, અકુદરતી રીતે અને આપઘાત કરીને માણસ મરે છે, ત્યારે તેમની સ્મૃતિરૂપે ઊભી કરેલ ખાંભીઓને "સૂરધન" કહે છે. તેમાંના કેટલાંકને "સતીમાતા" અથવા "ઝુઝાર મસ્તિષ્ક વગરના યોદ્ધાઓ" કહે છે.

ઉદાહરણ : કચ્છનાં રાવપ્રાગમલજીનાં કુંવરી ફૂલજીબાની સમાધિ, સત્તાધારના આપાગીગા, અંજારમાં જેસલ–તોરલની સમાધિ વગેરે.

## સતીના પાળિયા

આ સ્મારકો મોટા ભાગે રાજવી પરિવાર સાથે સંકળાયેલાં હોય છે, જે સતી થયેલ અથવા જૌહર કરીને મૃત્યુ પામી હોય તેવી સ્ત્રીઓને સમર્પિત હોય છે.

લોકસમુદાય તેમની દેવી તરીકે પૂજા કરે છે.

ઉદાહરણ : ભૂચર મોરીના સૂરજકુંવરબાનો પાળિયો.

## ક્ષેત્રપાળના પાળિયા

"ક્ષેત્રપાળ" નો અર્થ "જમીનનું રક્ષણ કરનાર દેવ" થાય છે.

ક્ષેત્રપાળને જમીન અને પાકનું રક્ષણકર્તા માનીને તેમને લોક–સમુદાય દ્વારા પૂજવામાં આવે છે. કેટલીક કોમોમાં ક્ષેત્રપાળ તરીકે પૂર્વજોની પૂજા કરાય છે.

આવા ક્ષેત્રપાળના પાળિયા ગામની બહાર અથવા ખેતરની નજીક સ્થાપવામાં આવે છે. આ પાળિયાઓ પર સાપ અથવા રક્ષણનાં પ્રતીક તરીકે આંખો દર્શાવવામાં આવે છે.

## યોદ્ધાઓના પાળિયા

આ પાળિયાઓ યુદ્ધસ્થળ અથવા જ્યાં યોદ્ધા મૃત્યુ પામ્યા હોય ત્યાં બાંધવામાં આવે છે.

લોકસમુદાય દ્વારા આ પાળિયાઓ થકી લડાઈના નાયકોની પૂજા કરવામાં આવે છે અને તેમને યાદ કરવામાં આવે છે.

ઉદાહરણ : સોમનાથ મંદિર ખાતેના વીર હમીરજી ગોહિલનો પાળિયો અને ભૂચર મોરીના પાળિયાઓ.

તેને "રણખાંભી" તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ઠેસ / થેસા

યુદ્ધના મેદાનમાં બલિદાન આપનાર શૂરવીરોની યાદમાં ઘણીવાર કોતરણીકામ વગરના અણઘડ પથ્થર ઊભા કરીને તેને માથે સિંદૂર ચોપડેલા પાળિયા બનાવી દેવાયા. આવા પાળિયા "ઠેસ / થેસા" તરીકે ઓળખાયા.

## ચાગિયો

વ્યક્તિએ જે સ્થળે શહીદી વહોરી હોય, ત્યાં નજીકમાં મોટા પથ્થરોનો ઢગલો એક કરવામાં આવે છે. જે "ચાગિયો" તરીકે ઓળખાય છે.

## શૂરાપુરા

ગામ, દેશ, અબળા કે ટેકને ખાતર સામે છાતીએ લડીને વીરગતિ પામનાર શૂરવીરોની યાદમાં ઊભા કરાયેલ પાળિયા "શૂરાપુરા" તરીકે ઓળખાય છે.

Downloaded from: aakashportal.com

## ખલાસીઓના પાળિયા

ગુજરાત લાંબો દરિયાકાંઠો ધરાવે છે. આ દરિયાકાંઠે રહેતી પ્રજા વેપાર અર્થે દરિયાનું ખેડાણ કરતી હોય છે.

ત્યારે દરિયાઈ સફર દરમિયાન મૃત્યુ પામેલા ખલાસીઓની યાદમાં આવા પાળિયા બનાવાય છે.

આ પાળિયાઓ પર ઘણી વખત જહાજોનું ચિત્ર અંકિત થયેલું જોવા મળે છે.

## લોકસાહિત્યના પાળિયા

અનેક સ્મારકો લોકસાહિત્ય સાથે સંકળાયેલ ધાર્મિક સંતો–ભક્તો, પ્રેમકથાઓ, બલિદાન, મિત્રતા વગેરે માટે કરેલ દેહત્યાગને દર્શાવે છે.

ઉદાહરણ : ભાણવડ નજીક આવેલ વીર માંગડાવાળાનો પાળિયો.

## પ્રાણીઓના પાળિયા

પહેલાના સમયમાં ઘોડા, કુતરા, હાથી, અને ઊંટ જેવા પ્રાણીઓ લઈ અને લડાઈમાં જતા તેથી પ્રાણીઓના પાળિયા પણ ગુજરાતમાં જોવા મળે છે.

તેથી પ્રાણીઓના પાળિયાઓમાં શ્વાન, અશ્વ અને ઊંટ ની આકૃતિ જોવા મળે છે.

## જાણવા જેવુ

- ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ હળવદ શહેર “પાળિયાઓના નગર” તરીકે જાણીતું છે.
- ગુજરાતનો લોકસમુદાય પાળિયાઓને “લોકદેવતા” તરીકે પૂજે છે.
- પાળિયાના પ્રકાર : ખાંભી, ઠેસ / થેશા, સુરધન, ચાગિયો, શૂરાપુરા, ખલાસીના પાળિયા, યોદ્ધાઓના પાળિયા, સતીના પાળિયા, ક્ષેત્રપાળના પાળિયા, લોકસાહિત્યના પાળિયા વગેરે ...
- દક્ષિણ ભારતમાં આવા સ્મારકો “વીરકલ” અથવા “નડુગલ” તરીકે ઓળખાય છે.

આ સ્મારકો લોકજીવન અને શિલાલેખોની માહિતી પૂરી પાડે છે. તેઓ સામાજિક માળખું છે જે સમાજના નાયકોની યાદ અપાવે છે. તેઓ મહત્વપૂર્ણ ઐતિહાસિક દસ્તાવેજો ધરાવતી પ્રતિમાઓ છે, જે સદીઓથી સચવાયેલ છે. તે ભૂતપૂર્વ સમાજના રીત–રીવાજો, સંસ્કૃતિ અને માન્યતાઓની માહિતી પૂરી પાડે છે.

આ સ્મારકો પૂર્વજોની પૂજા સાથે સંકળાયેલા છે જેથી તેની સાથે સંકળાયેલ સ્થાનિક લોકસાહિત્યને ઓળખી શકાય છે અને તેનું દસ્તાવેજીકરણ થઇ શકે છે. તેઓ સાંસ્કૃતિક પરંપરાઓ જેમ કે સતીપ્રથા વિશે પણ માહિતી આપે છે. જે તે સમયગાળાના વસ્ત્રો, શસ્ત્રો અને વાહનો અંગે પણ માહિતી આપે છે.

આ સ્મારકો સ્થળ અને વર્ષ જેવી માહિતી ધરાવતા હોવાથી ભાષાની ઉત્ક્રાંતિ અને સમય દર્શાવવાની પદ્ધતિ અંગેના સંશોધનમાં મદદરૂપ છે. કેટલીકવાર તેઓ ધાર્મિક મહત્વ ધરાવતા હોવાથી તેને કોઈ નુકશાન ન કરતા હોવાથી ખજાનો છુપાવેલી જગ્યાને અંકિત કરવા માટે પણ વપરાયા છે.

Source: Online websites and Wikipedia

aakashportal.com

Downloaded from: aakashportal.com